## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ડોહા, સાંભળ્યા સમજ્યા વગર ન બોલો... તીડ ભાગી ગયા પછી સરકારે અમેરિકાથી પંપ નથી મંગાવ્યો... ટ્રંમ્પ આવે છે...

# ગાંધીનગરની હદમાં આવતા ચાર કિમી.ના રૂટમાં બે હજાર પોલીસ જવાનો તૈનાત

ગાંધીનગર, તા.૨૩ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં હાજરી આપવા માટે અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ આવી રહ્યા છે. કાર્યક્રમને પગલે અમદાવાદમાં તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા મેન અને મશીનરી પાવરનો પુરજોશમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમમાં કોઈ કચાશ ન રહી જાય તે માટે ઉચ્ચ અધિકારીઓ હાજર રહીને ખાસ તકેદારી લઈ રહ્યા છે. એરપોર્ટ થી લઈને સ્ટેડિયમ સુધીના માર્ગ પર પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મુલાકાતે આવવાને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે સલામતી અને સુરક્ષામાં કોઈ પણ જાતની કમી ન રહે તે માટે પોલીસ તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ ખડેપગે હાજર રહે છે. મોટેરા અને ભાટ પાસે જિલ્લા પોલીસ તંત્રના ધામા છે. એરપોર્ટ થી સ્ટેડિમય સુધીના રોડ શોમાં હજ્જારો પોલીસકર્મીઓ ખડેપગે તૈનાત રહેશે. ત્યારે વિશ્વની બે લોકશાહીના મહાસત્તાના વડાના રોડ શો માં ગાંધીનગરની હદમાં આવતા ૪ કિ.મી.ના માર્ગ પર ૭ એસપી, ડીવાયએસપી, પીઆઈ, પીએસઆઈ, મહિલા પોલીસ, ટ્રાફિક પોલીસ સહિત ૨ હજાર પોલીસ જવાનો સુરક્ષામાં તૈનાત કરાશે. ટ્રમ્પની મુલાકાતને લઈને તંત્ર સાથે પોલીસ પણ સતત સ્ટેન્ડ ટુ રહીને સુરક્ષા મુદ્દે કામગીરી કરી રહી છે. ત્યારે ટ્રમ્પ -મોદીના રોડ શો માં વચ્ચે આવતા માર્ગ પર અને આસપાસના વિસ્તારમાં અત્યારથી જ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

## ખૂણેખાંચરેથી

- લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને એસો. ફોર સોશ્યલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ દ્વારા દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ ૨૫મી ફેબ્રુઆરીએ સે. ૧૬ ખાતે યોજાયો છે.
- અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ યાત્રાને લઈ તંત્ર દ્વારા આજે આખો દિવસ સતત બેઠકોનો દોર ચાલ્યો હતો જેમાં આયોજનને આખરી ઓપ આપી દેવાયો હતો.
- ગાંધીનગર જિલ્લા ઠાકોર સમાજના આગેવાનોની એક બેઠક ગઈકાલે સાંજે આલમપુર ખાતે યોજાઈ હતી જેમાં શૈક્ષણિક ક્રાંતિની વાતને જ સીમીત રાખી ચર્ચાઓ થઈ હતી.
- કોબા-રાયસણ-કુડાસણના બાળકો ગાંધીજીની દાંડીયાત્રા, વિવેકાનંદજી તેમજ અન્ય વેશભૂષા સાથે ભાટ-કોટેશ્વર ખાતેના રોડ શૉ માં હાજરી આપશે.
- ગાંધીનગર મનપા દ્વારા કૂતરા પકડવાનું અભિયાન હાથ ધરાયુ છે પણ રખડતા પશુઓનું અભિયાન હાથ ધરાય તેમ લોકો ઈચ્છી રહ્યા છે.
- રોડ શૉ માં જોડાનારાઓને પણ છાશ-પાણીની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે.
- જાણીતા ઉદ્યોગપતિ કમલ જૈને ગાંધીનગરથી મહુડીની પદયાત્રાનું ગઈકાલે રાત્રે આયોજન કર્યુ હતુ. પદયાત્રીઓ આજે સવારે મહુડી પહોંચ્યા હતા અને દર્શન કરી ગાંધીનગર પરત આવી ગયા છે.

## પડતર માંગણીઓનો ઉકેલ નહી આવે તો એનએચએમ કર્મચારીઓ દ્વારા ૧૫ માર્ચનું અલ્ટીમેટમ

### એનએચએમ કર્મચારીઓ છાવણી ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૩ ગુજરાતભરમાં નેશનલ હેલ્થ મિશન હેઠળ જે કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓ દ્વારા પડતર પ્રશ્નો મુદ્દે અનેકવાર ઉચ્ચકક્ષાએ લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા પ્રશ્નોનું નિરાકરણ ન આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે કર્મચારી મંડળે ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર પાઠવી તમામ પડતર માંગણીઓનું નિરાકરણ તા.૧૫ માર્ચ સુધીમાં નહી આવે તો ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ નેશનલ હેલ્થ મિશન હેટલ રાજયભરમાં કરાર આધારીત ફરજ બજાવતા કર્મચારીઓને ૧૯૫૦૦ થી ઓછો બેઝ પે આપવામાં આવ્યો છે. તેમાં વધારો કરવાની સાથે સાથે સિનિયોરીટી પ્રમાણે વિવિધ લાભ મળે તો આ કર્મચારીઓને આર્થિક નુકશાન વેઠવુ પડે નહી. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન દરેક કર્મચારીને અત્યાર સુધીનું ચુકવવાનું બાકી લોયલ્ટી બોનસ મળવુ જોઈએ. જે કેન્દ્ર સરકારમાંથી મંજુર થયેલુ છે પરંતુ હજુ સુધી કર્મચારીઓને મળતુ નથી. તો વધતી જતી મોંઘવારીને પગલે ૧૫ ટકા ઈન્ક્રીમેન્ટ આપવા માટે પણ સરકાર સમક્ષ રજુઆત કરાઈ છે. મા વાત્સલ્ય યોજનાનો લાભ આપવાનો ઠરાવ હોવા છતા તેનો અમલ કરવામાં આવતો નથી. જયારે કરાર આધારીત કર્મચારીઓને ૧૧ ખાસ રજાઓ આપવામાં આવે છે. તે બીજા વર્ષે કવેરી પોરવર્ડ કરી આપવામાં આવે તો તેનો લાભ પણ મળી શકે છે. કર્મચારીઓના હીતને ધ્યાને રાખીને ૬૦ વર્ષ સુધીની એચઆર પોલીસી બનાવવા તેમજ એક પણ કર્મચારીને છુટો નહી કરવાની માંગ સાથે કરાર આધારીત કર્મચારી મંડળે ઉચ્ચકક્ષાએ આવેદનપત્ર આપીને રજુઆત કરી છે. નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓના પડતર માંગણીઓનું સમાધાન આગામી તા.૧૫ માર્ચ સુધીમાં નહી કરવામાં આવે તો કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે છાવણી ખાતે આંદોલન કરી વિરોધ પ્રદર્શન કરશે.




ગાંધીનગર શહેરમાં વિવિધ સેક્ટરોના પ્રવેશ માર્ગપાસે સેક્ટરોના નકશા દર્શાવતા બોર્ડ મુકવામાં આવ્યા છે. આ બોર્ડ પર વિવિધ સંસ્થાઓએ પોતાની જાહેરાતના પોસ્ટર્સ ચોટાડી દીધા છે. જેના પરિણામે નકશો દેખાતો જ નથી.

## વાત-વાતમાં.....

- ''નમસ્તે ટ્રમ્પ'' કાર્યક્રમને અનુલક્ષીને ન્યુ ગાંધીનગરના કુડાસણ, રાયસણ તથા સરગાસણ જેવા વિસ્તારોની કેટલીક ખાનગી શાળાઓએ સોમવારે શાળામાં રજા જાહેર કરી હોવાનુ જાણવા મળ્યું છે. આ શાળાઓમાં મોટેરા તથા ઈન્દિરાબ્રિજ પારના વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસઅર્થે આવતા હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- રવિવારે શહેરના સેક્ટર-૨૯માંથી બિનવારસી હાલતમાં ૨૫ બોટલ દારૂ ઝડપાવા પામ્યો છે. આ દારૂ ભૂમિપાર્ક એપાર્ટમેન્ટ સામેના ખુલ્લા મેદાનમાંથી ઝડપાયો હતો.

## ચિલોડા મોટા બ્રહ્માકુમારી દ્વારા મહાશિવરાત્રી મહોત્સવની શ્રદ્ધાભેર ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨૩ ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પાસે રાજયોગા મિડીએશન કેન્દ્ર ખાતે મહાશિવરાત્રી મહોત્સવની ત્રિદિવસીય વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા ધામધૂમ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્ર ખાતે શિવ ધ્વજારોહણ, ૧૧ ફૂટના બરફના શિવલીંગ દર્શન, પરમાત્મા શિવદર્શન અનુભૂતિ લેશર શૉ, હલનચલન કરતો કુંભકર્ણ, વ્યસનમુક્તિ પ્રદર્શન, રાજભોગ મેડિટેશન શિબિર સહિત જીવન મુલ્ય દર્શન આધ્યાત્મિક મેળાના આકર્ષણો દ્વારા શિવભક્તોએ શિવરાત્રી મહોત્સવમાં શ્રદ્ધા સાથે લાભ લીધો હતો.

આ પ્રસંગે મહોત્સવના ઉદ્‌ઘાટનમાં બી.એસ.એફ., આઈ.જી.પી. જી.એસ. મલિક, પોલીસ મહાનિરીક્ષક, સુનિતાબેન મલિક, સી.આર.પી.એફ. ડી.આઈ.જી. પી. કે.એમ. યાદવ તથા સોનલબેન યાદવ તથા આત્મા પ્રોજેક્ટના ચેરમેન શાંતિભાઈ પટેલ, શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના ડીન ડૉ. પ્રભુદાસ કાસુન્દ્રા વગેરે હાજર રહી શિવબાબાની જન્મ નિમિત્તે કેક કાપી ઉજવણી કરી હતી. આ પ્રસંગે મહાનુભાવોનું રાજયોગિની તારાદીદીએ લક્ષ્મીનારાયણની પ્રતિમા આપી સન્માન કર્યુ હતુ.

## અંતરિયાળ વિસ્તારોમાં શ્રી ગજાનન સેવા સમિતિના સેવા કાર્યો

ગાંધીનગર, તા. ૨૩ ગાંધીનગરની સેવાભાવી સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લીના ભિલોડા તાલુકાના અંતરિયાળ વિસ્તારના ગામો ગોઢ, રૂદ્રેશ્વર મહાદેવ તથા ભેટાલી મુકામે જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને ચોખા વિતરણનું સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જે અંતર્ગત ૧૩૫ લાભાર્થીઓને સંસ્થા દ્વારા લાભાર્થી દીઠ ૩ કિગ્રા ચોખા આપવામાં આવ્યાં હતા.

આ સાથે ભેટાલી આશ્રમ શાળા તેમજ વનવાસી આશ્રમશાળાના તમામ બાળકોને ગાંધીનગરના વરિષ્ઠ અને સેવાભાવી તબીબો ડૉ. ચિતાણીયા અને ડૉ. બોઘાણીએ વિનામૂલ્યે તપાસી જરૂરિયાત મુજબ દવાઓ પણ આપી હતી. આ ઉપરાંત હિંમતપુર તથા અઢેરા ગામની બે વિધવા મહિલાઓની દિકરીઓના લગ્ન પ્રસંગ હોવાથી બંને દિકરીઓને સ્ટીલના વાસણ મુકવાના ઘોડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



**શિવરાત્રીએ મહેન્દ્રકાકા સોડાવાળાએ ૫ હજાર વ્યક્તિઓને લીંબુ સોડા ફ્રી પીવડાવી**

શહેરના ઘ-૨ વિસ્તારમાં સોડાની લારી ચલાવતા મહેન્દ્ર કાકા સોડાવાળા તરફથી મહાશિવરાત્રીના દિવસે સાંજના ૬ થી ૧૧ કલાક દરમિયાન નગરજનોને ૫ હજાર લીંબુ સોડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સોડાવાળા કાકા તરીકે જાણીતા મહેન્દ્રભાઈના ત્યાં સાંજ ઢળતા જ નાગરીકોની લીંબુ સોડા પીવા માટે ભારે ભીડ જામી હતી. ત્યારે લીંબુ સોડા પીતા નગરજનો તસ્વીરમાં નજરે પડે છે.

## જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલનું ઓવર ફલાય બ્રીજનાં લોડ-ટેસ્ટીંગની કામગીરી હાથ ધરાઈ

ચિલોડા, તા. ૨૩ ગાંધીનગર જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા મોટા સર્કલ હાલમાં સીક્સલાઈન અને ઓવરફલાય બ્રીજનું નિર્માણકાર્ય પૂરજોસમાં ચાલી રહ્યું છે. ચિલોડા, હિંમતનગર, અમદાવાદ, દહેગામ, સાદરા રોડને જોડતું જંકશન મથક દિન પ્રતિદિન વિકસતું જંકશન મથક સૌનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. ત્યારે મોટા ચિલોડા-રાષ્ટ્રીય હાઈવે રાજમાર્ગ-૮ના ખંડ-૭નું કાર્ય લગભગ અંતિમ તબક્કામાં હોવાથી ચિલોડા સર્કલ પરનો ઓવર ફલાય બ્રીજનું ગુણવત્તા અને વજન ક્ષમતા લોડ ટેસ્ટીંગની કામગીરી નેશનલ હાઈવે ઓથોરીથી ઈન્ડિયા અને નિયુક્ત ઓથોરિટી એન્જિનિયર એસોસિએટ્સ સાઉથ એશિયા પ્રા.લિ. અને ટેસ્ટિંગ કંપની મેટાલેબ તથા કે.સી.સી. બિલ્ડકોન કંપની દ્વારા મહાશિવરાત્રી પર્વ સાંજે શરૂ કરી હતી. આ લોડ ટેસ્ટીંગ કામગીરી ૬૦ કલાક સમય સુધી ટેસ્ટથી નિર્માણ કાર્ય દ્વારા ગુણવત્તા અને વજન ટેસ્ટ દેખરેખ હેઠળ કરવામાં આવી રહ્યું છે. આ નિર્માણ કાર્યમાં પૂજાવિધિ શુભમુહૂર્ત સંપન્ન કરાયુ હતુ. આ ઓવરબ્રીજના કારણે ચિલોડા સર્કલ ટ્રાફિકમુક્ત બનશે પરિણામે લોકોમાં રાહત અને આનંદની લાગણી પ્રવર્તી રહી છે.





દરેક જીવ પ્રત્યે દયા, કરૂણા અને આદર આપવાનું આપણી ભારતીય સંસ્કારોમાં કહેવાયુ છે. ગૌ સેવાને તો ખૂબ ઉંચુ સ્થાન અપાયુ છે. પરંતુ આપણા આ સંસ્કારો ક્યાંકને ક્યાંક ઘસાતા જઈ રહ્યા છે. સેક્ટર-૧૨માં ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાના ગેટ આગળ ઘાયલ થયેલી ગાય જોઈ રાહદારીઓ દ્રવી ઉઠ્યા છે. પગની ખરી નીકળી ગયેલી હાલતમાં ગોપાલક તેને અહી મુકી જતા ગાય બિચારી કણસી રહી છે.

# ચૂંટણીનો ખર્ચ ૫૦૦૦ થયો ત્યારે કહ્યું, બસ હવે મારે ચૂંટણી લડવી નથી, હું સમાજ સેવા કરીશ




- ગૌતમ પુરોહિત

ગાંધીનગર- ડિજીટલ યુગમાં ગુજરાતના રાજકારણની દિશા અને દશા બદલાઈ ચૂકી છે. અંગત સ્વાર્થ સર્વોપરી છે. ભ્રષ્ટાચાર, જમીનના સોદા, ઉદ્યોગોને લાભ કરાવી આપવાની પ્રવૃત્તિ, કુદરતી સંપદા સાથે છેડછાડ અને શાસક પક્ષ સામે આક્ષેપો તેમજ વિપક્ષ પર પ્રતિઆક્ષેપો એ આજના રાજકીય નેતાની મૂડી બની રહી છે. અંગત સ્વાર્થ સાથે હિત ધરાવતા તત્વોને કાયદા-કાનૂન તોડીને આર્થિક ફાયદો કરાવી આપતાં રાજ્યના કેટલાક રાજનેતાઓ બહોળા નાગરિક સમુદાયને ભારે નુકશાન કરી રહ્યાં છે, તેવામાં ગુજરાતને એવા પ્રામાણિક રાજનેતાઓ મળ્યા છે કે જેમણે લોકસેવાનો અસલી ભેખ ધારણ કરેલો હતો. દ્વિભાષી મુંબઈ રાજ્યની તેમજ ગુજરાતની સ્થાપના પછીની પાંચ સરકારોમાં રાજ્યની જનતાને એવા પ્રધાન મળ્યાં હતા કે જેઓ સત્તાને સાધન નહીં સાધના માનતા હતા. વર્ષો પહેલાં એક એવા પ્રધાન ગુજરાતને મળ્યા હતા કે જેમને સાયકલ પર સમાજસેવાના કામો કરવાની આદત હતી. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૨૬મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે ત્યારે આવી જ એક વિધાનસભામાં કાર્યદક્ષ પ્રધાન ગુજરાતમાં તેમનો વિભાગ સાદાઈથી નિભાવતા હતા. પ્રામાણિકતા, સાદગી અને કાર્યદક્ષતાનો સમન્વય એટલે સ્વ.બહાદુરભાઈ પટેલ. એક એવું નામ કે જેણે કદી અંગત સ્વાર્થ જોયો નથી.

**પ્રામાણિકતા, સાદગી અને કાર્યદક્ષતાનો સમન્વય એ બહાદુરભાઇના ઘરેણાં હતા**

**નવી પેઢીને પૂર્વજ સભ્યોનું જ્ઞાન આપવું જોઇએ...**

ગુજરાતના રાજકારણની નવી પેઢીને બહાદુરભાઈ પટેલના ભવ્ય ભૂતકાળનો પરિચય નહીં હોય, કારણ કે તેઓએ સેવાની જે ભાવના વિકસાવી છે તેવી ભાવના હાલના રાજનેતાઓમાં જોવા મળતી નથી. આવા સંજોગોમાં ગુજરાત વિધાનસભામાં શાસક અને વિપક્ષના સભ્યોને આપણાં પૂર્વ ધારાસભ્યોના જીવનચરિત્ર્યના પાઠ ભણાવવાની વ્યવસ્થા કરવી આવશ્યક બની છે. ગુજરાતમાં એક તાલીમ પામેલો ધારાસભ્ય લોકો માટે શું કરી શકે છે તેની સમજ કેળવવાની જરૂર છે. સ્કૂલ કે કોલેજમાં વિદ્યાર્થીઓ ઈતિહાસના પાઠ ભણે છે તેમ વિધાનસભાના ધારાસભ્યોને પણ ગુજરાતની ગૌરવવંતી વિધાનસભાના ઈતિહાસના પાઠ શિખવવા જોઈએ. તાલીમ કે સેમિનારમાં વક્તત્વ રાખીને આપણાં ભૂતપૂર્વ શાસકોએ વિધાનસભા તેમજ તેમના જાહેર જીવનમાં કેવું આચરણ કર્યું હતું તેનું જ્ઞાન વહેંચાય તે પણ જરૂરી છે. આવું જ એક જ્ઞાન બહાદુરભાઈના જીવન ઉપરથી મળી શકે છે.

**સૌમ્ય એવા બહાદુરભાઇ પટેલ કોણ હતા...**

ગુજરાતના આદિવાસી વિસ્તાર એવા વાંસદાના વાલઝરના વતની અને ૧૯૫૨ થી ૧૯૫૭ના વર્ષો દરમ્યાન સુરત-૨ લોકસભા બેઠક પરથી સંસદસભ્ય તરીકે તેમજ ૧૯૫૭ થી ૧૯૭૧ સુધી વિધાનસભામાં ચૂંટાઇને વિવિધ વિભાગોના પ્રધાન રહી ચૂકેલા બહાદુરભાઈ પટેલ ખરા અર્થમાં સમાજ સેવાના કામો કરતાં હતા. ૧૨ વર્ષની શિક્ષકની નોકરી છોડીને તેઓ સમાજસેવાના કામોમાં લાગી ચૂક્યાં હતા. શાળાનો પગાર બંધ થતાં આજીવિકા ચલાવવાની મુશ્કેલી પડતાં તેઓ થોડાં વ્યથિત બન્યાં હતા પરંતુ એ સમયે પ્રજાના પ્રતિનિધિ એવાં બહાદુરભાઈના ચરણોમાં વાંસદાના આગેવાનો અને ખેડૂતોએ પોતાના રોકડ સર્ટિફિકેટ મૂકી દીધા હતા. આ સમયે તેમણે ભગ્ન હદયે આગેવાનોને કહ્યું હતું કે ''હું આ આર્થિક મદદમાંથી રોટલા ખાઈશ નહીં, એના વ્યાજમાંથી સમાજ ઉપયોગી કાર્યો કરીશ.'' તેમણે જીવન પર્યંત આ આર્થિક મદદમાંથી જનસેવાના કામો કર્યા છે.

**તે સમયે જેવું કાર્ય તેવો વિભાગ મળતો હતો...**

બહાદુરભાઈ જ્યારે દ્વિભાષી મુંબઈ રાજ્યના ૪૪ જિલ્લાનો વિસ્તાર ધરાવતા પ્રદેશના નાયબ પ્રધાન હતા ત્યારે તેમને ડાંગના આદિવાસીઓની કામગીરી સોંપવામાં આવી હતી. જેવું કાર્ય તેવો વિભાગ—એવી સિસ્ટમથી સરકાર ચાલતી હતી. પહેલાંની સરકારોમાં ડોક્ટર હોય તેમને આરોગ્ય વિભાગ, ઈજનેર હોય તેમને માર્ગમકાન વિભાગ, શિક્ષણવિદ હોય તેમને શિક્ષણ વિભાગ, ઈકોનોમિસ્ટ હોય તેમને નાણા વિભાગ આપવામાં આવતા હતા તેથી તેઓ તેમના વિભાગને સરખો ન્યાય આપી શકતા હતા. એ સમયમાં બહાદુરભાઈને આદિવાસીઓના ઉત્કર્ષ માટે મળતી ગ્રાન્ટ પુરેપુરી વાપરી નાંખતા હતા. ૧૯૬૦માં ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાના મંત્રીમંડળમાં તેમને ખેતીવાડી અને વનખાતુ આપવામાં આવ્યું હતું. ૧૯૬૨ થી ૧૯૬૭ સુધી તેઓ બાંધકામ, સિંચાઈ અને બંદર વિભાગ સંભાળતા હતા. વિધાનસભામાં પ્રશ્નોત્તરી સમયમાં વ્યારાના એક ધારાસભ્યએ પ્રશ્ન પૂછ્યો હતો કે — સુરત-ધૂળીયા માર્ગ પર એક નાળું તૂટી ગયું છે ત્યારે સરકાર શું પગલાં ભરવા માગે છે, ત્યારે બહાદુરભાઈએ જવાબ આપ્યો હતો કે — માનનીય અધ્યક્ષશ્રી, આ સભ્ય ક્યા નાળાંની વાત કરે છે તે મને સમજાતું નથી, કારણ કે આ માર્ગ પર કુલ ત્રણ નાળાં તૂટેલાં છે. સાચી હકીકત નહીં છૂપાવવાનો આ એક અદ્દભૂત પ્રસંગ હતો.

**ધારાસભ્યએ કહ્યું તે એક નાળું તૂટ્યું છે ત્યારે તેમણે કહ્યું એક નહીં ત્રણ તૂટ્યાં છે**

**ધારાસભ્યના આક્રોશ સામે પણ સૌમ્યતા...**

સમાજસેવાના ભેખધારી અને બે ચોપડી ભણેલા પાલનપુરના ધારાસભ્ય ગલબાભાઈ પટેલનો એક પ્રસંગ યાદગાર બન્યો હતો. ખેડૂત હોવાથી તેઓ વિધાનસભામાં હંમેશા ખેડૂતોના પ્રશ્નો રજૂ કરતા હતા. ૧૯૫૭માં તેઓ પાલનપુરથી ચૂંટાઈ આવ્યા હતા. મુંબઈ રાજ્યના સમાજકલ્યાણ વિભાગના નાયબ પ્રધાન બહાદુરભાઈ પટેલ જ્યારે બનાસકાંઠા આવ્યા હતા ત્યારે કોંગ્રેસની એક બેઠકમાં જિલ્લાના પ્રશ્નો ચર્ચાયા હતા. ગલબાભાઈએ ખેડૂતોને સબસીડીના મુદ્દે સરકારની આકરી ટીકાઓ કરી હતી. તેમણે કહ્યું કે ''ખેડૂતો દેવાં કરીને ખોદેલા કુવા નાશ પામે છે ત્યારે સરકાર કહે છે પૈસા નથી. ખેડૂતોની જમીન છીનવાઈ જાય છે પણ તેમને વળતર મળતું નથી. સરકારી તંત્ર સડી ગયું છે.'' આ રજૂઆત પછી બહાદુરભાઈ ટૂંકું પ્રવચન કરવા ઉભા થયા ત્યારે તેમણે આ આક્રોશ સામે એટલું જ કહ્યું કે—''લોકોની તકલીફો માટેની તમારી સજાગતાએ મારૂં ધ્યાન દોર્યું છે. હું કહું છું કે તમારા પ્રશ્નો આપણે સાથે બેસીને ઉકેલીશું.'' બહાદુરભાઈએ અધિકારીઓ સાથે ચર્ચા કરીને છેવટે પ્રશ્નનો નિવેડો લાવી દેતાં ગલબાબાઈએ ખુશી વ્યક્ત કરી હતી.

**૭૦ વર્ષે પણ સાયકલ પર સેવા કરતા હતા...**

સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે પ્રધાનપદે રહી ચૂકેલા વ્યક્તિ પાસે પોતાની ગાડી હોય છે પરંતુ પદ છોડ્યાં પછી બહાદુરભાઈ સાયકલ પર ફરતા હતા. ૭૦ વર્ષની ઉંમરે તેઓ ૧૫ કિલોમીટર દૂર કાર્યક્રમમાં હાજરી આપવા તેમની સાયકલ પર જતા હતા. કર્તવ્ય કરવું ફળની આશા રાખવી નહીં તેવું ભગવત ગીતામાં કહ્યું છે. એ તેમનો જીવન મંત્ર હતો. તેમની પાસે આરસીસીનું મકાન પણ ન હતું. તેમની ચેમ્બરમાં ગયેલો કોઈપણ નાગરિક કે અરજદાર ઉકેલ વિના પરત ફરતો ન હતો. અધિકારીઓ સાથે પણ બહાદુરભાઈનો વહીવટ અને વર્તાવ સૌજન્યપૂર્ણ રહેતો હતો. તેમણે તેમના સમયમાં કોઈ બચત કરી ન હતી. એક સમયે ચૂંટણી ખર્ચ પાંચ હજાર રૂપિયાથી વધારે થયો ત્યારે તેમણે કહ્યું કે—બસ, હવે મારે ચૂંટણી લડવી નથી. હું સમાજ સેવા કરીશ. મારે લોકોના કામ કરવા છે તેમાં ધારાસભ્ય હોવું જરૂરી નથી.

**૭૦ વર્ષની ઉંમરે પણ સાયકલ ચલાવી સમાજસેવાના કામો કરવાની આદત હતી**

**લકવાગ્રસ્ત હાથ જોઇ આંખમાં પાણી આવ્યા...**

વાંસદાના એક એક રૂમ-રસોડાના મકાનમાં બહાદુરભાઈ રહેતા હતા. તેમના મકાનમાં ટેલીફોન કે વાહન ન હતું. રાજનેતાએ હંમેશા પ્રજાનું કામ કરવું જોઈએ તેવું તેઓ સતત કહેતા હતા. ઠાઠ-માઠ, બંગલા, ગાડી, નોકર-ચાકર મળતા હતા છતાં તેઓ તેનાથી દૂર રહ્યાં હતા એ તેમનું ઉમદા ચારિત્ર્ય દર્શાવે છે. જીવનના અંતિમ દિવસોમાં તેમને લકવાની બિમારી લાગુ પડી હતી. તેઓ લાચારવશ સ્થિતિમાં સંવેદનશીલ બની જતા હતા. એક સમયે લકવાગ્રસ્ત હાથ જોઈને એમની આંખો પાણીથી છલકાઈ ઉઠી હતી. ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ તેમના બુઝાયેલા દિપકની ધ્રુમ્રસેરો અત્યારે વાતાવરણને પાવક બનાવી રહી છે. અત્યારના ધારાસભ્યો વિધાનસભામાં તેમના પૂર્વજ દિવંગત ધારાસભ્યોને જ્યારે યાદ કરે છે ત્યારે તેમનો ભવ્ય ભૂતકાળ વાગોળે છે પરંતુ તેનું આચરણ તેઓ કરતા નથી.

**પહેલા મંત્રીમંડળના ૧૪ સભ્યોમાં સ્થાન...**

ગુજરાતનું પહેલું પ્રધાનમંડળ ૧૪ સભ્યોનું હતું. ૧લી મે ૧૯૬૦માં તેની રચના થઈ હતી. આ પ્રધાનમંડળમાં મુખ્યપ્રધાન ડો. જીવરાજ મહેતા હતા. ચાર મંત્રીઓમાં રસિકલાલ પરીખ, રતુભાઈ અદાણી, માણેકલાલ શાહ અને હિતેન્દ્ર દેસાઈ હતા. નાયબ પ્રધાનોમાં પ્રેમજી ઠક્કર, જસવંતલાલ શાહ, છોટુભાઈ પટેલ, બહાદુરભાઈ પટેલ, માલદેવજી ઓડેદરા, અકબરઅલી જસદણવાળા, ઉર્મિલાબેન ભટ્ટ અને કમળાબેન પટેલ સામેલ હતા. એકમાત્ર શાંતિલાલ શાહ સંસદીય સચિવ હતા. આ કેબિનેટમાં રાજ્યના ૧૨ જિલ્લાઓને પ્રતિનિત્વ આપવામાં આવ્યું હતું જેમાં સુરત અને જૂનાગઢમાંથી બે-બે સભ્યો લેવામાં આવ્યા હતા. કેબિનેટમાં નવ સભ્યો ૩૬થી ૫૦ વર્ષના અને પાંચ સભ્યો ૫૦ વર્ષથી ઉપરની વયના હતા. બહાદુરભાઈ આ પહેલાં મુંબઈ સ્ટેટની સરકારમાં પણ પ્રધાનપદે રહી ચૂક્યાં હતા.